BUSINESS મિત્ર

ઉત્તર કોરીયાની અમેરિકા ઉપર હાઇડ્રોજન બોમ્બ ઝીંકવાની ધમકીના ટેન્શન અને એકસપાયરીના પગલે શેરબજારોમાં ઉથલપાથલ જોવા મળશે

વિતેલા સપ્તાહમાં જીયો પોલીટીકલ ટેન્શન તથા બ્લેક ફ્રાઇડેના લીધે સેન્સેક્ષ અને નિફ્ટી એક ટકાથી વધુ તુટયો, જ્યારે મિડકેપ-સ્મોલકેપ ઇન્ડેક્ષમાં બે ટકાથી વધુનો કડાકો બોલાયો

સેન્સેક્ષે ૩૨૦૦૦ પોઇન્ટ અને નિફ્ટીએ ૧૦૦૦૦ પોઇન્ટની સપાટી તોડી નાંખી : ડોલરમાં મજબૂતાઇના પગલે ફાર્મા શેરોમાં ઉછાળો નોંધાયો : આઇટી શેરોમાં દબાણ યથાવત

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૨૩ : ભારતીય શેરબજારોમાં વિતેલા સપ્તાહમાં શરૂઆત સુધારાથી થઇ હતી, પરંતુ ફેડરલ રિઝર્વની બેઠક તથા જીયો પોલીટીકલ ટેન્શનના લીધે સાંકડી વધઘટ સાથે બજારો અથડાતા રહયા બાદ બ્લેક ફ્રાઇડેના લીધે સેન્સેક્ષ અને નિફ્ટી એક ટકાથી વધુ તુટી જવા પામી હતી, જ્યારે આગામી સપ્તાહમાં પણ ઉત્તર કોરીયાની અમેરીકાની ઉપર પાવરફુલ હાઇડ્રોજન બોમ્બ ઝીંકવાની ધમકી ઉચ્ચારતાં વૈશ્વિક સ્તરે ગભરાટ જોવા મળ્યો હતો અને યુદ્ધ ફાટી નીકળવાની દહેશત વચ્ચે રોકાણકારોની જોરદાર વેચવાલી નીકળી હતી. જેમાં ઉંચા મથાળે બોલાતા ભારતીય શેરબજારોમાં રોકાણકારોની ભારે નફાવસુલી નીકળી હતી અને તેના લીધે સેન્સેક્ષ ૪૫૦ પોઇન્ટ જેટલો તુટયો હતો, જે આગામી સપ્તાહમાં પણ ગભરાટ ચાલુ રહે તેવી સંભાવના જોવાઇ રહી છે. આ ઉપરાંત, ૨૮મી સપ્ટેમ્બરે એકસપાયરી હોવાના કારણે ભારતીય શેરબજારોમાં ઉથલપાથલ જોવા મળે તેવું દેખાઇ રહયું છે.

બીજી તરફ, ભારતીય શેરબજારોમાં ઓગસ્ટ મહિનાથી વિદેશી રોકાણકારોની સતત વેચવાલી જોવા મળી રહી છે, તે સપ્ટેમ્બરમાં પણ ચાલુ રહી છે, જોકે વિદેશી રોકાણકારો કેશમાં વેચાણ કરી રહયા છે, તેની સામે વાયદામાં ચોખ્ખી ખરીદી કરી રહયા છે. જેની પણ બજાર પર અસર જોવા મળી રહી છે. ઘરેલું નાણાં સંસ્થાઓની જીયો પોલીટીકલ ટેન્શનના લીધે નફારૂપી વેચવાલી જોવા મળી રહી છે. આ ઉપરાંત, ક્રુડ અને ડોલરના ભાવોની વધઘટની પણ અસર જોવા મળશે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર દેશમાં સામાન્ય વરસાદની સામે પાંચ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. જેના લીધે ખેડૂતોને સિંચાઇના પાણીની સમસ્યા સર્જાશે અને તેના પગલે કૃષિ ઉત્પાદનમાં થોડોક ઘટાડો નોંધાય તેવું લાગી રહયું છે. ખાસ કરીને દક્ષિણ ભારતમાં વરસાદની ઘટ અનુભવાઇ રહી છે.

સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારો બ્લેક ફ્રાઇડે બની ગયો હતો, જેમાં એક જીયો પોલીટીકલ ટેન્શન હતું, જ્યારે એસ એન્ડ પી રેટીંગ એજન્સીએ ૧૯૯૯ બાદ પ્રથમ વખત ચીનનું રેટીંગ ઘટાડી દેતાં તેની પણ બજાર ઉપર અસર જોવા મળી હતી. વિશ્વમાં સ્ટીલ, એલ્યુમીનીયમ અને કોપરની ખરીદી કરનાર સૌથી મોટા દેશ એવા ચીનનું રેટીંગ ઘટતાં મેટલ એન્ડ માઇનીંગ શેરોમાં કડાકો બોલાયો હતો. જ્યારે આગામી સપ્તાહમાં વૈશ્વિક સ્તરે ૨૪મી સપ્ટેમ્બરના રોજ જર્મનની ચુંટણી ઉપરાંત, અમેરિકાના કન્ઝયુમર કોન્ફીડન્સ ડેટા, ન્યુ હોમ સેલ્સ ડેટાની ૨૬મીએ જાહેરાત કરશે, જ્યારે યુકેના બીજા કવાર્ટરના જીડીપી ડેટા ૨૭મીએ જાહેર કરાશે. જ્યારે અમેરિકાના પેન્ડીગ હોમ સેલ્સના ડેટા પણ ૨૭મીએ જાહેર થનારા છે. આ ઉપરાંત, ૨૮મીએ અમેરિકાના બીજા કવાર્ટરના જીડીપીના આંક જાહેર કરશે, તેમજ ચીનના મેન્યુફેકચરીંગ મેનેજર ઇન્ડેક્ષ ૨૯મીએ જાહેર થશે. આ તમામ મેક્રો ઇકોનોમી ડેટાની વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારો ઉપર પણ અસર જોવાશે.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્ષમાં ૩૨૦૦૦ અને નિફ્ટીમાં ૧૦૦૦૦ પોઇન્ટની સપાટી પરથી ગગડી ગયો હતો. બીએસઇ સેન્સેક્ષ ૩૫૦.૧૭ પોઇન્ટ એટલે કે ૧.૦૯ ટકા તોડીને ૩૧૯૨૨.૪૪ પોઇન્ટ અને નિફ્ટી ૧૨૧ પોઇન્ટ એટલે કે ૧.૨૦ ટકા તુટીને ૯૯૬૪.૪૦ પોઇન્ટ પર બંધ રહયો હતો. જ્યારે બીએસઇ મિડકેપ ઇન્ડેક્ષ ૩૬૨.૮૫ પોઇન્ટ એટલે કે ૨.૨૭ ટકા તુટીને ૧૫૬૦૯.૮૯ પોઇન્ટ અને સ્મોલકેપ ઇન્ડેક્ષ ૩૯૪.૭૩ પોઇન્ટ એઠલે કે ૨.૩૭ ટકા તુટીને ૧૬૨૯૩.૦૩ પોઇન્ટનો બંધ રહયો હતો.

ભારતના અર્થતંત્રની ગાડીને પાટે ચઢાવવા માટે નાણાં પ્રધાન અરૂણ જેટલીએ જાહેરાત કરી છે કે, ટુંક સમયમાં રાહત પેકેજ લાવશે, જેની રોકાણકારો આતુરતાથી રાહ જોવાઇ રહ્યા છે. આ ઉપરાંત, અમેરિકાના ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કોઇ ફેરફાર કર્યો નથી, પરંતુ ચાલુ વર્ષે એક વખત અને આગામી વર્ષમાં બે વખત વ્યાજદર વધારવામાં આવશે, તેવા સંકેતોની પાછળ ડોલરમાં જોરદાર ઉછાળો આવ્યો હતો અને શેરબજારોમાં નેગેટીવ અસર રહી હતી. આમ, જીયો પોલીટીકલ ટેન્શન અને ફેડરેટના લીધે ભારતીય શેરબજારો નેગેટીવ જોવાયા હતા.

સપ્તાહની શરૂઆત પોઝીટીવ ટ્રેન્ડથી થઇ હતી. સોમવારે સેન્સેક્ષ ૧૫૧.૧૫ પોઇન્ટ એટલે કે ૦.૪૭ ટકા વધીને ૩૨૪૨૩.૭૬ પોઇન્ટ અને નિફ્ટી ૬૭.૭૦ પોઇન્ટ એટલે કે ૦.૬૭ ટકા વધીને ૧૦૧૫૩.૧૦ પોઇન્ટ પર મજબૂત બંધ રહયો હતો. બીજા દિવસે સેનસેક્ષ બેઉતરફી વધઘટ સાથે ૨૪.૩૯ પોઇન્ટ ઘટીને ૩૨૪૦૨.૩૭ પોઇન્ટ અને નિફ્ટી ૫.૫૫ પોઇન્ટ ઘટટીને ૧૦૧૪૭.૫૫ પોઇન્ટ પર બંધ રહયો હતો. બુધવારે પણ રેન્જ બાઉન્ડ ટ્રેડીંગ સાથે નેગેટીવ રહયા હતા. સેન્સેક્ષ ૧.૮૬ પોઇન્ટ ઘટયો હતો, જ્યારે ગુરૂવારે પણ સેન્સેક્ષ ૩૦.૪૭ પોઇન્ટ ઘટીને ૩૨૩૭૦.૦૪ પોઇન્ટનો નરમ બંધ રહયો હતો. જ્યારે નિફ્ટીબંને દિવસે અનુક્રમે ૬.૪૦ પોઇન્ટ અને ૧૯.૨૫ પોઇન્ટ ઘટીને ૧૦૧૨૧.૯૦ પોઇન્ટ પર બંધ રહયા હતા.

જ્યારે સપ્તાહના અંતિમ દિવસે ઉત્તર કોરીયાની હાઇડ્રોજન બોમ્બ ફેંકવાની ધમકી તથા ચીનનું ક્રેડીટ રેટીંગ ઘટી જતાં જોરદાર કડાકો બોલાયો હતો અને સેન્સેક્ષ ૪૪૭.૬૦ પોઇન્ટ એટલે કે ૧.૩૮ ટકા ઘટીને ૩૧૯૨૨.૪૪ અને નિફ્ટી ૧૫૭.૫૦ પોઇન્ટ એટલે કે ૧.૫૬ ટકા તુટીને ૯૯૬૪.૪૦ પોઇન્ટનો બંધ રહયો હતો.

વિતેલા સપ્તાહમાં ફાર્મા શેરોમાં બેઉતરફી વધઘટ જોવા મળી હતી. જેમાં ડો. રેડ્ડીઝ લેબમાં યુએસ એફડીએ તરફથી ઓડીટ સંપન્ન થઇ જતાં જોરદાર ઉછાળો આવ્યો હતો અને ટોપ ગેઇનર્સ બન્યો હતો. ડો. રેડ્ડીઝ ૧૧.૧૫ ટકા ઉછળીને રૂ. ૨૪૫૬.૬૫નો બોલાયો હતો. આ ઉપરાંત, સીપલા ૪.૧૬ ટકા વધીને રૂ. ૫૮૩.૦ વધ્યો હતો. જ્યારે સન ફાર્મા ૨ ટકા ઘટીને રૂ. ૫૧૩.૩૦નો ભાવ બોલાયો હતો. જ્યારે આઇટી શેરોમાં મિશ્ર વલણ રહયું હતું. વીપ્રો ૨.૯૦ ટકા અને ટીસીએસ ૦.૧૫ ટકા વધ્યા હતા. જ્યારે ઇન્ફોસીસ ૧.૧૬ ટકા ઘટીને ૯૦૦ની નીચે બોલાયો હતો.

ઓટો મેજર તાતા મોટર્સમાં ૨.૪૮ ટકા ઉછળીને રૂ. ૪૧૧.૨૦નો ભાવ બોલાયો હતો. જેમાં તાતા જુથની તાતા સન્સે બ્લોક ડીલથી શેરો ખરીદતા તેમજ તાતા મોટર્સદ્વારા સ્પોટર્સ યુટીલીટી તાતા નેક્સોનને લોન્ચ કરતાં ઉછાળો જોવાયો હતો. અન્ય ઓટો કંપનીઓમાં મારૂતિ સુઝુકી ૦.૧૭ ટકા ઘટીને ૮૦૭૪.૫૫, હીરો મોટોકોર્પ ૨.૬૫ ટકા ઘટીને રૂ. ૩૭૮૮.૧૫ અને બજાજ ઓટો ૦.૨૨ ટકા ઘટીને રૂ. ૩૦૧૫.૩નો ભાવ બોલાયો હતો. બેન્ક શેરોમાં નરમાઇ જોવા મળી હતી. આઇસીઆઇસીઆઇ બેન્ક ૫.૦૯ ટકા ઘટીને રૂ. ૨૭૭.૧૦, સ્ટેટ બેન્ક ૩.૭૩ ટકા ઘટીને રૂ. ૨૬૧.૯૦, એકસીસ બેન્ક ૨.૬૨ ટકા ઘટીને રૂ. ૫૦૪, એચડીએફસી બેન્ક ૧.૩૨ ટકા ઘટીને રૂ. ૧૮૨૪.૪૦ બંધ રહયા હતા. જ્યારે કોટક મહિન્દ્રા બેન્ક ૧.૧૯ ટકા સુધરીને રૂ. ૧૦૨૧નો ભાવ બોલાયો હતો. હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડેક્ષ ૩.૦૭ ટકા તુટીને રૂ. ૮૧૭.૫૦નો ભાવ બોલાયો હતો.

ઉત્તર કોરીયાનું ટેન્શન વધતા અને સીઝનલ ઘરાકીના લીધે સોનુ ૩૨૦૦૦ની સપાટી કુદાવી દેશે

અમદાવાદ, તા. ૨૩ : અમેરિકાના ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર યથાવત રાખતાની સાથે ડિસેમ્બરમાં વ્યાજદર વધારશે તેવા અહેવાલથી રૂપિયા સામે ડોલર ઉછળી જતાં સોના-ચાંદીમાં નરમાઇ જોવા મળી હતી, પરંતુ બીજા દિવસે જ ઉત્તર કોરીયાએ અમેરિકાના ટ્રમ્પને વળતો પ્રહાર કરીને અમેરિકા ઉપર હાઇડ્રોજન બોમ્બ ઝીંકવાની ધમકી આપતાં સોના-ચાંદીમાં જોરદાર રીકવરી જોવા મળી હતી. આમ, જીયો પોલીટીકલ ટેન્શન તથા સીઝનલ ઘરાકીના લીધે સોનાનો ભાવ દિવાળી સુધીમાં રૂ. ૩૨૦૦૦ની સપાટી કુદાવી દેશે તેવું અનુમાન છે.

બુલીયનના નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર ગત વર્ષે સોનાની કુલ આયાતની સામે પ્રથમ પાંચ મહિનામાં સોનાની આયાત કરી દેવામાં આવી છે. આમ, સોનાની માગમાં ઉછાળો આવ્યો છે, જેના લીધે આવનારા સમયમાં પણ પોઝીટીવ સેન્ટીમેન્ટ રહેવાના પગલે સોનાના ભાવો ઉછળશે.

બીજી તરફ, જવેલર્સ આ દિવાળી પર જવેલરીના વેપાર અંગે સાનુકુળ વાતાવરણ માની રહયા છે અને આ દિવાળીના તહેવારોમાં માગ ઉછળશે તેવી આશા રાખીને બેઠા છે, જેનાલીધે સોનાની દિવાળી સુધીમાં ભાવ રૂ. ૧૫૦૦નો ઉછાળો આવી શકે તેમ છે. આ ઉપરાંત, જીયો પોલીટીકલ ટેન્શનના લીધે પણ સોના-ચાંદીમાં રોકાણ વધે તેવું અનુમાન લગાવાઇ રહયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે નોટબંધી પહેલાં ઓકટોબર સુધીમાં સોનામાં ૨૦ ટકા સુધીનું વળતર મળીચુક્યું છે. નોટબંધી બાદ સોનામાં નરમાઇ જોવા મળી છે. જેમાં ચાલુ વર્ષે આ ઘટાડાને રીકવર કરીને પણ નવા વર્ષમાં ૧૦ ટકા વળતર આપ્યું છે, અને દિવાળી સુધીમાં ૨૦ ટકાનો ઉછાળો માનવામાં આવી રહયો છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના અહેવાલ અનુસાર ૨૦૧૭ના વર્ષમાં જાન્યુઆરીથી જુન સુધીમાં ભારતમાં ૫૨૧ ટન સોનાની આયાત કરવામાં આવી છે. જ્યારે ગત સમગ્ર વર્ષમાં ૫૧૦ ટન જ સોનાની આયાત થઇ છે. આમ, છ મહિનામાં જ સમગ્ર વર્ષના સોનાની આયાત થઇ ચુકી છે. જોકે, આ છ મહિનામાં જીએસટીમાં દર વધે તેવા ડરથી સોનાની ખરીદી નીકળી હતી.

યાર્ન બજાર

જીએસટી સાથેના ભાવ

સુરત નરેશ / મુકેશ ઘીવાળા ૨૫૯૬૦૮૮

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂ.		૭૫/૩૬ ''	૧૦૧	૮૦/૧૦૮ ''	૧૨૭.૨૦
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૫.૧૧	૫૦/૩૬ ''	૧૧૫	-----	-----
૩૦/૩૬ એફડી	૨૩૮.૬૫	૫૦/૪૮ SD/ક્રેપ	૧૬૫	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૮.૩૮
લોકલ		**RIL રિલાયન્સ**		**ગાર્ડન**	
				૪૯/૨૪ એફડીવાય	૧૦૮.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૯.૬૦	૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૧
૬૮/૩૬	૧૨૩	૮૦/૭૨ રોટો	૧૨૧.૨૦	૬૨ ક્રિમ્પ	૧૨૩.૯૦
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૧.૫૦			૬૮ ક્રિમ્પ	૧૧૯.૨૦
૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૮	૧૦૦ ટેક્ષ	૧૧૫.૨૦	૭૨ ક્રિમ્પ	૧૧૮.૩૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૫ ક્રિમ્પ	૧૧૭.૧૦
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૫	૮૦/૭૨ રોટો	૧૧૮.૯૪	૮૦ ક્રિમ્પ	૧૧૭.૧૦
૮૦/૭૨ રોટો.	૧૧૯	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૬.૬૧	૮૦/૭૨ રોટો	૧૨૧
૮૦/૩૬ રોટો.	૧૧૯	૧૬૦ ડીસ્કેટ	૧૨૭.૨૦	૩૦/૨૪ બ્રાઇટ	૨૪૫
૧૫૦/૪૮બ્રાઇટ	૯૭	૭૫/૧૦૮ રોટો	૧૨૭.૭૯	૩૦/૩૬ એફડી	૨૪૫

ધાતુ બજાર

(જીએસટી સાથે)

ફેરસ ભાવ (પ્રતિ કિલો)	
કોપર કેબલ સ્ક્રેપ	૪૨૦
કોપર સ્ક્રેપ હેવી	૪૧૦
કોપર આર્મીચર	૪૦૦
કોપર ચુટે.સ્ક્રેપ	૩૭૦
કોપર શીટ કટીંગ	૩૯૦
બ્રાસ ચુટે. સ્ક્રેપ	૨૯૮
બ્રાસ શીટ કટીંગ	૩૧૩
એલ્યુમિ. ચુટે. સ્ક્રેપ	૧૨૧
નોન ફેરસ	
કોપર વાયર બાર	૪૪૮
એલ્યુ. ઇન્ગોટ	૧૪૯
ઝીંક સ્લેબ	૨૨૪
લીડ ઇન્ગોટ	૧૬૦
ટીન સ્લેબ(૧કિલો)	૧૩૮૫
નિકલ (૧ કિલો)	૭૧૦
ગન મેટલ સ્ક્રેપ	૩૨૫
બ્રાસ હની	૨૯૦

ફોરેક્સ માર્કેટ

	ઇન્ટર બેંક
યુ.એસ.ડોલર	૬૪.૭૯/૮૦
પાઉન્ડ સ્ટર્લીંગ	૮૭.૯૧/૯૩
યુરો	૭૭.૫૬/૫૮
જાપાનીઝ યેન (૧૦૦)	૫૭.૮૫/૮૭

જથ્થાબંધ ખાંડબજાર

	પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)
મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૧૦૦
એમ-૩૦	૪૦૦૦
એસ-૩૦	૩૯૦૦
ગુજરાત	
એમ-૩૦	૩૯૦૦
એસ-૩૦	૩૮૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સ્ટાન્ડર્ડ સોનું	૩૦૬૯૦
તેજાબી સોનું	૩૦૬૦૦
દાગીના-૨૨ કેરેટ	૨૯૧૫૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૩૦૦૭૦
સોનાનાં બિસ્કીટ	૩૦૬૯૦૦
ચાંદી(૯૯૯)	૪૧૪૦૦
ચાંદી સિક્કા	૪૨૯૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૧૪૫૦	પામોલીન	૧૦૧૦
સીંગતેલ (૧૫ લિ.)	૧૩૫૦	કોપરેલ	૨૮૫૦
સીંગતેલ (૫ લી)	૪૯૦	વનસ્પતિ ઘી	૧૧૭૦
કપાસીયા (૧૫ કિ.)	૧૨૪૦	સનફલાવર	૧૧૯૦
કપાસીયા (૧૫ લિ.)	૧૧૫૦	તલતેલ	૨૬૦૦
કપાસીયા (૫ લિ.)	૪૧૦	દિવેલ	૧૬૯૦
સરસીયું તેલ	૧૪૯૦	મકાઇ તેલ	૧૧૭૦

જીએસટી... હેન્ડીક્રાફ્ટના વેપારીઓ... રજીસ્ટ્રેશન વગર પણ... આંતરરાજય વેચાણો કરી શકશે

જરીથ્રેડ, બેગ્સ-પર્સ સહિતની લેધર આટકિલ્સ, બામ્બુ પ્રોડકટસ, લેધર ફુટવેર સહિતની હેન્ડક્રાફ્ટ ચીજવસ્તુઓનો આંતરરાજય સપ્લાય કરતી વ્યકિતઓ માટે ભારત સરકારના નાણાંખાતા તરફથી તા.૧૪મી સપ્ટેમ્બર અને ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૭ના નોટીફીકેશનો દ્વારા રાહતકારી સુધારા કરવામાં આવ્યા છે. તેવા સુધારાથી હવે જીએસટીના રજીસ્ટ્રેશન નંબર વગર તેઓ હેન્ડક્રાફ્ટ વસ્તુઓનો આંતરરાજય સપ્લાય કરી શકશે.

જીએસટી કાયદા હેઠળ જે વ્યકિતના સમગ્ર દેશમાં સમાન પાનવાળા, તેમની કરપાત્ર અને 'ટેક્ષ ફ્રી સપ્લાય કે જેમાં નિકાસનો સમાવેશ થાય છે તેનો વાર્ષિક ટર્નઓવર રૂા. ૨૦ લાખથી વધુ હોય તો તેવા વેપારીઓએ રજીસ્ટ્રેશન નંબર લેવો પડે છે. પરંતુ કલમ ૨૪ની જોગવાઇ હેઠળ, જે વ્યકિત આંતરરાજય માલ કે સેવા સપ્લાય કરતી હોય, કોઇક વખત જંગલ કે સેવાનો વ્યવહાર કરનાર કેજયુઅલ કરનારી વ્યકિત, તેમનો ટર્નઓવર ગમે તેટલો હોવા છતાં, ફરજિયાત નોંધણી નંબર લેવાનો રહે છે ત્યારે નાણાં ખાતાના તા.૧૪મી સપ્ટેમ્બર અને ૧૫મી સપ્ટેમ્બરના નોટીફીકેશનોથી આ કરાથી હેન્ડક્રાફ્ટ વસ્તુઓના વેપારી રજીસ્ટ્રેસન નંબર વગર આંતરરાજય સપ્લાય કરીર શકશે. પરંતુ તેમનો વાર્ષિક ટર્નઓવર રૂા. ૨૦ લાખથી વધુ હોવો જોઇએ નહીં.

કાયદાની કેડીએ...

ઇશ્વર રૂદલાલ - બીપીન ઘાએલ

વળી આ વ્યકિતઓએ પાનનંબર મેળવવો જરૂરી છે અને સેન્ટ્રલ ગુડઝ નિયમ ૧૩૮ હેઠળ ઇ-વે બિલ જનરેટ કરવાનું રહેશે.

હેકડાક્રોફ્ટ વસ્તુઓ, જે મહદઅંશે હથ બનાવટની હોય અને પ્રોસેસમાં મશીનનો ઉપયોગ થયો હોય અને જેનો નોટીફીકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો છે તેવી ચીજવસ્તુઓમાં બેગ-પર્સ સહિતની લેધર આર્ટકલ્સ, કાર્વડ વુડ, પ્રોડકટસ, બામ્બુ પ્રોડકટ, ટેક્ષટાઇલ હેન્ડલુમ પ્રોડકટસ, ટેક્ષટાઇલ હેન્ડ એમ્બ્રોઇડરી, જરી થ્રેડ, મ્યુઝીકલ ઇમ્સ્ટ્રુમેન્ટસ, બામ્બુ ફરનીચર, ડોલ્સ અને ટોઇઝ વિ. વિ. ૨૮ ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રિટર્નોનો ત્રાસ.... અત્યાચાર..

૧૮ લાખ કરદાતાઓએ રિટર્નો... ફાઇલ કર્યા નથી...

સરકારશ્રી પાસે, ખૂબ તાજેતરના અહેવાલો મુજબ, ૧૬૨ કંપનીઓના રૂા. ૬૫ હજાર કરોડના જીએસટી પહેલાંના વળતરના દાવા આવ્યા છે. સરકારશ્રીએ ૯૫ હજાર કરોડ રૂા. કરવેરા રૂપે મેળવ્યા છે જે સામે રૂા. ૬૫ હજાર કરોડના વળતરના દાવા! તો...

અહેવાલ મુજબ ૧૦ સપ્ટેમ્બર સુધીમાં ૫૯.૯૭ લાખ કરદાતાઓમાંથી ૭૦ ટકા જટેલા લોકોએ જૂલાઇના રિટર્નો ફાઇલ કર્યા છે. આમ ૧૮ લાખ જેટલા કરદાતાઓમાં રિટર્નો ફાઇલ કર્યા નથી! અમારા મતે, આ આંકડો વધતો રહેવાનો, ડિફોલ્ટરો વધતાં રહેવાનાં... આ ગંભીર બાબત છે અને પરિણામ- પરિસ્થિતિ કલ્પના વગરની છે.

વેપારીઓએ વર્ષે જીએસટી ૩બી સહિત ૪૩ રિટર્નો ફાઇલ કરવાના રહે છે. વેપારીઓ, એકાઉન્ટન્ટો અને જીએસટી પ્રેકટીશ્નરો જીએસટીના અમલની શરૂઆતમાં જ ત્રાસી ગયાં છે. એક સિનીઅર પ્રેકટીશ્નરે પ્રેકટીશ્નરોના ધરણા સમયે કહ્યું તેમ જીએસટી પ્રેકટીશનર્સ સાદી સજા ભોગવી રહ્યા છે!

વેટ કાયદામાં વેપારીઓ સારા એવા પ્રમાણમાં ત્રિમાસિક રિટર્નો ફાઇલ કરતા હતા અને કાપડના વેપારીઓ પાસે, રેવેન્યુના પ્રશ્ન સિવાય, રિટર્નો ભરાવી શકાય ત્યારે રિટર્નોની સંખ્યા ખાસ્સી ઘટાડવી જોઇએ એ સમયની માંગ છે.

અને છેલ્લે...

ઓગષ્ટનું ૩બી રિટર્ન ફાઇલ કરવાની અંતિમ તારીખ ૨૦મીના પૂરી થઇ છે. પ્રાપ્ત માહિતી મુજબ ૪૦ ટકા વેપારીઓએ રિટર્નો ફાઇલ કર્યા છે. ત્યારે બાકીના પર સેન્ટ્રલ-સ્ટેટ જીએસટી સહિત પ્રત્યેક દિનનો રૂા. બસોનો માર ચાલુ થઇ ગયો છે.

ગુજરાતમિત્ર

ટચૂકડી

મંગળવાર, શુક્રવાર, રવિવાર

હવે શબ્દ દીઠ ₹૬

ઓછામાં ઓછા ૧૨ શબ્દો

: જાહેરખબર આપવા માટે મળો :

ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

જોઈએ છે (મેલ/ફીમેલ)
ઓફીસ વર્ક તથા સુપરવીઝન માટે કોમ્પ્યુટર (M.S.Office) જાણકાર કોમ્પ્યુટર ઉપર ગુજરાતી ઈંગ્લીશ ટાઈપીંગ કરી શકે તેવા બાયોડેટા સાથે રૂબરૂ મળો. ૨ થી ૪ દરમ્યાન સુરત ઓફિસર્સ જીમખાના સર્કિટ હાઉસની બાજુમાં અઠવાલાઈન્સ, સુરત. (૬૫૨૧)

જોઈએ છે
એકાઉન્ટન્ટ અને ઈન્કમટેક્ષના રીર્ટનનું કામ કરનાર માણસ 89800 53534 (૬૫૦૮)

રેડીમેઈડ ગારમેન્ટ માટે અનુભવી
સેલ્સમેન જોઈએ છે. લક્ષ્મી ફેશન, નાણાવટી ચેમ્બર્સ, બાલાજી રોડ, ચૌટાબજાર સુરત (રાજુભાઈ પટેલ) 2591508, 9825984394, 9726181415 (૬૫૧૫)

Required
Accountant (M/F) B.com for a reputed private company should be able to work in a computerised environment. car driving ability would be a plus. contact: Bajrang, Tibrewala 9824101465 (૬૫૦૩)

એપાર્ટમેન્ટના કામકાજના જાણકાર
ફુલટાઈમ મેનેજર જોઈએ. કોમ્પ્યુટર નોલેજ જરૂરી, પારલે પોઈન્ટ ૮૩૨૦૫ ૧૦૮૬૧ (૬૫૪૦)

રેકી તેમજ એખ્યુપંકચર મસાજ
થેરાપીમાં પાર્ટ ટાઈમ કામ કરી શકે તેવા ૩૫ થી ૬૦ વર્ષના લેડીઝની જરૂર છે. ટ્રેનીંગ ફ્રી મો.૭૦૧૬૧૪૨૨૭૫, ૭૬૨૨૯૧૧૨૨૩. (૬૫૨૬)

સાંઈ ડેન્ટલ કિલનીક ચલથાણ
B.D.S. ડેન્ટીસ્ટ જોઈએ કડોદરા નજીક 9033280605 (૬૪૫૨)

મિલ્કત લે-વેચ

હોજીવાલા-જીઆઈડીસીમાં લે-વેચ
પ્લોટ અને શેડના લે-વેચ માટે મળો સતીષ શાહ મો. નં. ૯૮૨૫૧૨૭૪૫૦, ૯૮૯૮૦૨૭૪૫૦ હોજીવાલા ગેટ નં. ૨, રોડ નં. ૧૦, હોજીવાલા કોમ્પ્લેક્ષ શોપ નં. ૬ સચીન, સુરત

જમીન, મકાન, લેવેચ
સુરત, નવસારી, ભરૂચ, વિહાણ ચોકડી થી મેનરોડ ટચ ૮ વીંઘા, પલસાણા, તળોદરા ગામ ૨૧ વીંઘા વેચાણ ૯૮૨૫૨૬૩૪૨૯ (૬૪૯૫)

શું તમારી કોઈપણ પ્રકારની
પ્રોપર્ટી વેચાણ અથવા ભાડે જતી નથી? આજે હમારો સંપર્ક કરો. Mo.7069778793 (૬૫૦૪)

જમીન લે-વેચ
૫ થી ૨૫ વીંઘી કડોદરાથી નવસારી સુધીમાં ખેતી તેમજ પ્રોજેક્ટ લાયક જમીન માટે મળો. Mo.98795 16944 (૬૫૧૧)

ગોપીપુરા કાજીના મેદાનમાં
૨ ગણ્ય ના નવા ફલેટસ, લોનેબલ, ગ્રાઉન્ડ પાર્કિંગ, જૈન મંદિરની બાજુમાં ૯૮૯૮૦૫૫૬૫૫, ૯૫૫૮૫૫૫૬૫૫ (૬૪૫૫)

ભાડે/વેચાણ
સચીન-GIDC, હોજીવાલા પાંડેસરા, પ્લોટ તથા શેડ, લે-વેચ માટે મળો, Mo.98795 16944 (૬૫૧૨)

મિલ્કત વેચવાની છે

ફ્લેટ વેચવાનો છે
બે બેડરૂમ, હોલ, કીચન ફર્નિચર સાથે ૧૦૦% પેમેન્ટ ચેકથી. ફકત પાંચ લાખ ભરો બાકીની રકમ સરળ હપ્તે ગર્વમેન્ટ સબસીડી મળવા પાત્ર રેડી પઝેશન ઓફીસઃ મલબેરી હાઈટસ પાલ RTO થી ભાઠા, ભાઠા સ્ટેટ બેંકની ગલીમાં વળી જવું. ભાઠા - ભાટપોર સુરત (૬૩૨૭)

રો હાઉસ/ખુલ્લો પ્લોટ વેચવાનો છે
'શાન્તનું બંગલોઝ'માં, ૧૦૦ વારનો, શેલ પેટ્રોલ પંપ સામે, અરિહંતપાર્કની બાજુમાં, ગુરુકૃપા રોહાઉસની પાછળ, એલ. પી. સવાણી રોડ, અડાજણ (૬૩૩૦)

શેડ વેચવાનો છે
૧૦૦ ગાય-ભેંસ રહી શકે તેવો ૭૨ × ૧૦૦નો તૈયાર શેડ વેચવાનો છે કોન્ટેકટઃ ૯૯૨૫૦૧૮૬૬૧ (૬૪૭૧)

બંગલો વેચવાનો છે
લકઝરીયસ કન્સ્ટ્રકશન પ્રાઈમ આર્કેડની નજીકમાં આનંદમહલ રોડ અડાજણ પરેશભાઈ બ્રોર્કર ૯૮૨૫૬૪૦૬૧૮ (૬૪૭૮)

વેચાણ
મિલ્કત વેચાણથી આપવાની છે ગ્રા + ૨ માળ મળોઃ ૧૨/૩૦૮૧ બ કાંસકીવાડ બસ સ્ટેન્ડની સામે Mo. 8160969880 (૬૫૦૬)

For Sale
304, Amarview Apt. Nr. M.C. commissioner Bunglow Lane, parle point 2 BHK Flat with 2 AC/ Fridge/TV, Full Furniture 1100 sq ft. 98256 14201, 99791 11971 (૬૫૫૦)

મકાન વેચવાનું છે
અંબાનગર દીપ કીરાણાની ગલી સોસિયો સર્કલ૧૬ × ૨૦ સાઈઝ મો. 9913089683 (૬૫૦૭)

વાપીમાં ૩ માળનું બિલ્ડીંગ
વેચાણથી આપવાનું છે. રેલ્વે/બસ સ્ટેશન, મેઈન બજાર રોડ નજીક ૧૦ થી ૧૫ રૂમ એટેચ ટોઈલેટ / બાથરૂમ વીથ બેડ, બીજો માળ સ્પેશિયલ ફુલ્લી ફર્નીશ્ડ, હોસ્ટેલ, હોસ્પિટલ, પેઈંગગેસ્ટ લાયક તાત્કાલિક સંપર્ક . 8140499785, 7046103509 (૬૪૯૭)

વેચવાનું છે
ગલેમંદિર સુથાળ ફળિયામાં ૭/૪૨૯૭, ૭૨.૨૩૪૯ + ૮૪ ચોરસવાર ઘર તાત્કાલિક વેચવાનું છે. મળો ફોન : ૯૬૦૧૦૫૨૪૫૧ (૬૪૯૯)

ફ્લેટ વેચવાનો છે
2BHK આનંદમહલ રોડ ટચ અડાજણ સુર્યદર્શન સોસાયટી મોકાનો ફ્લેટ લીફટ હવા ઉજાસવાળો- 9824121366-98241 66234 (૬૫૨૦)

2BHK **ફ્લેટ વેચવાનો છે**
નિલકંઠ રેસડેન્સી, કેનાલ રોડ, પાલનપોર ગામ, સુરત. દલાલભાઈઓએ તસ્દી લેવી નહીં.8849057846 (૬૫૦૫)

જહાંગીરપુરા ઈસ્કોન મંદિર
પાસે પ્લોટ વેચવાનો છે 9376112121 (૬૫૧૩)

ફ્લેટ વેચવાનો છે
(ઉમરામાં સ્વપ્નદર્શન ફ્લેટ નં. 501, 2 BHK 900 થી 1000 સ્કેફીટ) (ગોવર્ધન સોસાયટી, મોટાગામ, બારડોલીમાં પ્લોટ વેચવાનો છે) (સાંઇ મોહન -ઉમાં બાંધકામવાળો ગાળો વેચવાનો છે) (સાંઈપેલેસ રેસીડેન્સી, ભેસ્તાનમાં ફ્લેટો રીઝનેબલ ભાવે વેચવાનાં છે) (શિવાંજલીપાર્ક, જીઆવ બ્લોક નં. ૪૬૭માં પ્લીન્થવાળા તથા ખાલી પ્લોટો વેચવાના છે) અજયભાઈ 7016564327 સિદ્ધાર્થભાઈ 99799 47384 (૬૫૩૪)

બંગલો ફ્લેટ રોહાઉસ વેચાણથી
લકઝરીયસ લોકેશન, આલીશાન કન્સ્ટ્રકશન, અડાજણ, પાલ, વેસુ, પીપલોદ, ૯૮૭૯૧ ૯૯૦૭૨ (૬૫૪૧)

ઓલપાડમાં 2BHK ફ્લેટ
વેચવાનો સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ, હાથીસા, કોલેજ રોડ,૯૮૨૫૨૮૧૧૨૬ (૬૫૪૨)

ખુલ્લા રેસીડેન્સીયલ પ્લોટ
વેચવાનાં છે મોજે દિહેણ NA Plan Pass, 104 વારના 9375891100 (૬૫૪૩)

વેચવાનો છે
2 BHK ફર્નીશ્ડ ફ્લેટ ૯૦૩, કારપેટ, ૧૧૪૦ બીલ્ટઅપ નાનપુરા, સુરત. 098202 51307 (૬૫૩૧)

વેચવાના છે
રેસીડેન્શીયલ પ્લોટસ NA, ટાઈટલ કલીયર મોજે ડુમસ એરીયા ૩૫૬.૬ સ્કેયાર્ડ કોન્ટેકઃ 98202 51307 (૬૫૩૨)

અડાજણ
ભુલકાભવન સ્કુલ સામે ૩ બેડરૂમ, હોલ કીચન ૨૧૨૧ sqft ફ્લેટ વેચવાનો છે. 9824100798 (૬૫૨૩)

ફ્લેટ ભાડે / વેચાણ
આપવાનો છે. 2 BHK ભટાર ચાર રસ્તા ઉપર CNG પંપ પાસે Mo.9998219288 (૬૫૫૨)

મિલ્કત ભાડેથી

દુકાન ભાડે આપવાની છે
પોદ્દારા, આર્કેડ વરાછા રોડ, ભાડુ ૧૨૫૦૦/- માલિક - 9969979775

ઈન્ડ. શેડ ભાડે આપવાના છે
પ્રમુખપાર્ક ઈન્ડ. પાંડેસરા ભેડવાડ - ૫ - શેડ ગ્રા.+ફસ્ટ ૧૬ × ૮૦ મો.98251 72070 (૬૪૧૮)

ફ્લેટ ભાડે/વેચાણથી
આપવાના છે મુસ્લિમ વિસ્તાર રાંદેર મળો 9512502503 (૬૪૫૩)

ફ્લેટ ભાડેથી જોઈએ છે
કંપનીના ઓફિસરો માટે ડાયરેકટ કંપની એગ્રીમેન્ટ 0261-2766739 (૬૫૧૦)

ભાડેથી આપવાનું છે
નર્સરી સ્કૂલ તેમજ બેંક લાયક રોહાઉસ ભાડેથી આપવાનું છે. આનંદમહલ રોડ પાસે, અડાજણ 9726567111, 9925049046 (૬૫૪૯)

લેવા વેચવા ભાડે માટે
3 BHK ભાડે વેચાણ આપવાનો છે. પાલનપોર સુરત ૯૩૭૫૪૯૪૬૨૦, ૯૮૭૯૧૫૪૯૬૯ (૬૫૫૧)

વ્યવસાયીક ધંધાકીય

સોફા પરદા મેટ્રેસ
ઓર્ડર મુજબ બનાવી આપીશું પરદાના પાઈપ ફિટીંગ કરી આપીશું જુના સોફા આપી નવા સોફા બનાવો 9824110801 (૬૨૦૫)

દેશી રૂ ના ગાદી તકિયા
ઓર્ડરથી બનાવી આપીશું દરેક પ્રકારનું રૂ. કાપડ મળશે 9824110801 (૬૨૦૬)

ઈંટીરીયર ડીઝાઈનીંગ
P.O.P., કલરકામ, ફર્નિચર, સોફાસેટ, વોટર પ્રુફિંગ, ટાઈલ્સ ફિટીંગ, તેમજ ઈંટીરીયર ડીઝાઈનીંગને લગતું દરેક કામ ખાત્રીપૂર્વક ગેરેંટીથી વ્યાજબી ભાવમાં કરાવો. Mo:7048527220 (૬૧૫૪)

કોઈપણ વયના
વ્યક્તિઓ પાર્ટ ટાઈમ/ ફુલટાઈમ કામ કરી મહીને ૧૫-૨૦ હજાર કમાવો. સંપર્કઃ 9274876152 (૬૪૭૨)

વ્યાજે નાણાં જોઈએ છે
અમને ધંધામાં રોકાણ અર્થે સારુ વળતરની ગેરેંટી સાથે ચેક/ નોટરી સામે તાત્કાલિક સંપર્ક : ૯૮૨૫૨૭૫૭૩૬ (૬૪૯૬)

જય બહુચર
હાઈરાઈઝ બિલ્ડીંગ, એપાર્ટમેન્ટ, રો-હાઉસ તથા બંગલાનું કલર કામ ગેરેંટીથી કરી આપવામાં આવશે. ૯૬૦૧૦૫૨૪૫૧ (૬૫૦૦)

ખાળકુવા- સેપ્ટીકટેન્ક/ડ્રેનેજ/
સ્લજ વેકયૂમ ટેન્કરથી ખાલી કરવા 9825186545, 9825586545 (૬૫૦૧)

પોપ્યુલર હિંચકાનાં કડા
તોડફોડ કર્યા વગર અમેરિકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ 9726409787, 9904467405 (૬૫૨૮)

જુનામાંથી નવું બાથરૂમનાં
નળ, હિંચકાની સાંકળ, ઓલડ્રોપ, હેન્ડલ, મૂર્તિના બફીંગ/પ્લેટીંગ માટે 9825163127 (૬૫૧૮)

હિંચકાના કડા
તોડફોડ વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરંટેડ ફીટીંગ 9925205672, 9374555552 (૬૫૧૯)

ફોલ્ડીંગ ટોઈલેટ ઘડપણમાં
સંડાસમાં ઉચેથી બેસવા મજબુતાઈવાળું ફીટીંગ કરી આપીશું 9327011113, 9377111114 (૬૫૧૭)

હિંચકાનાં કડાં, ફોલ્ડીંગ
ટોઈલેટ કડાં, અમેરિકન ટેકનોલોજીથી ફિટીંગ 9327011113, 9377111114 (૬૫૧૪)

લોન લોન લોન
માત્ર પાનકાર્ડ તેમજ આધારકાર્ડ પર ૫૦૦૦૦૦ થી ૫૦૦૦૦૦૦ સુધીની ૧% વ્યાજ ૪૫ % સબસીડી લોન ૭૨ કલાકમાં સ્પોટ એપ્રુવલ રીજેકટ ફાઈલ આવકાર્ય. KRISHNA FINCONCEPT SERVICES, SURAT 9909002220, 7878677000 (૬૫૩૯)

સેકન્ડ કલર TV LCD
લેવા વેચવા, એક્ષચેન્જ માટે વિનોદ રેડિયો, લાલદરવાજા (૬૫૩૫)

ઘરબેઠા તાત્કાલિક LED-TV
રીપેરીંગ દરેક વિસ્તારમાં સાંઇકૃપા ઈલેકટ્રોનીકસ અડાજણ 9904010109 (૬૫૩૬)

ઘરબેઠા TV, LCD રીપેરીંગ
તથા DVD, દામીની ઈલેકટ્રોનીકસ, અડાજણ રોડ 9898302700 (૬૫૩૭)

સ્ટાર હીંચકાના કડા
તોડફોડ કર્યા વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફીટીંગ 8487818333, 8487819444 (૬૫૨૯)

ગુજરાત કડા
હિંચકાના કડાં તોડફોડ કર્યા વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફીટીંગ 7878166668 (૬૫૨૭)

GST રીર્ટન ફાઈલીંગ
તેમજ તમારા કોમ્પ્યુટરમાં કંમ્પલીટ GST સેટઅપ અને કન્સલ્ટીંગ માટે સંપર્કઃ દેવાંગ કોઠારી 8866660356 (૬૫૫૬)

બહેનો માટે
ઘરે બેઠા વ્યવસાયની ઉત્તમ તક પંકજ પટેલ Mo. 85110 28950 (૬૫૦૯)

કબુતર, ઉંદર, મચ્છરજાળી
ઘરબેઠા ફીટીંગ રોયલ નેટ, સ્પાઈક 8758533196, 8238966581 (૬૫૩૮)

ચિરાગ નાનખટાઈ
જામખંભાળિયા ઘીમાં બનાવેલ તથા જૈન ૫ફ જૈન પેસ્ટ્રી મળશે કોન્ટેકઃ 9825185532 (૬૫૩૦)

પાણીની ટાંકી સફાઈ
વૈજ્ઞાનિક પદ્ધતિથી સંપૂર્ણ બેકટેરીયા નાબૂદી સંપર્ક ૯૨૨૭૯૦૫૭૧૪. (૬૫૫૫)

CM PEST CONTROL
લાયસન્સ લાઈફ ટાઈમ ગેરંટીથી ઉધઈની ટ્રીટમેન્ટ 9377672958, 2345707 (૬૫૫૪)

PRESIDENT PEST CONTROL
૩૫ વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 98258 19250 (૬૫૫૩)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

જે. આર. ટુર્સ
૧/૧૦ અષ્ટ વિનાયક પાંચ જ્યોર્તિલીંગ પંઢરપુર તુલજાભવાની સ્લીપર બસ દિન-૮, ૩૧/૧૨ પુરી કોલકત્તા, ગંગાસાગર, ગયા, બૈજનાથ, બનારસ અલ્હાબાદ, નેપાળ ખટમંડુ, પોખરા, અયોધ્યા, લયમો નેમીષારણ દિન-૧૮ S/16 અઠવા આર્કેડ, અઠવાગેટ જૈન મંદિર પાસે સૂરત ૯૮૨૫૫૩૪૪૬૦, ૯૯૧૩૭૫૫૦૩૯ (૬૩૨૨)

કશ્મી ટુરીઝમ
નેપાળ અયોધ્યા બનારસ દિવસ-૧૫ ગોવા મહાબળેશ્વર દિવસ-૬ 9327387344 (૬૪૫૪)

POOJA TRAVELS
ઓકટોમ્બર - ૨૧/૩૦ એરકન્ડીશન લકઝરીમાં, ગોવા - મહાબળેશ્વર (૮૫૦૦/-), ઓકટોબર ૨૩, મહાબળેશ્વર - શીરડી - (૪૫૦૦/-), ઓકટોમ્બર - ૩૦, સ્પેશીયલ ગોવા (૬૨૫૦/-) ૯૮૨૫૫૬૭૭૬૦ (૬૫૧૬)

શિવ ટ્રાવેલ્સ
તારીખ, ૨૧, રાત્રે હરિદ્વાર, જયપુર, દિલ્હી, પુષ્કર, દિવસ-૧૨, તારીખ ૨૧,૨૩ રાત્રે કચ્છ, ભુજ, માંડવી, દિવસ ૫, તારીખ ૨૧,૨૮ રાત્રે અષ્ટ વિનાયક, પાંચ જયોર્તિલીંગ, દિવસ-૭, તારીખ ૨૧,૨૭ સવારે ગોવા, દિવસ - ૬, તારીખ ૨૦, ૨૨ રાત્રે જયપુર, ઉદયપુર, માઉન્ટ આબુ, ચિત્તોડગઢ દિવસ-૬, તારીખ ૨૦, ૨૮ રાત્રે સંપૂર્ણ સૌરાષ્ટ્ર દિવસ-૮ મળો, ભાગળ, મોહન મિઠાઈ ગલી, ખરવર શેરી, સુરત. ૯૮૨૪૧ ૫૫૯૪૭, ૯૫૩૭૮૩૮૯૪૯, ૯૩૨૭૧૯૯૯૯૭, ૨૪૨૩૬૪૫ (૬૫૦૨)

માંકૃપા-ભાઈબીજે
સૌરાષ્ટ્ર, કચ્છભુજ, માતાનો મઢ, દ્વારકા, સોમનાથ. 9426741783, 9228224507 (૬૫૪૫)

બાબાસાંઈ ટ્રાવેલ્સ
ગોવા મહાબળેશ્વર દિ. ૮ ૨૧.૨૭. ૨૯/૧૦ હેમંત ચેવલી 9825234440 (૬૫૪૬)

ચંદની પડવો
તા.૬ શુક્રવાર દમણ ૩ ટાઈમ નોનવેજ સાથે મહેશભાઈ વાડીફળીયા ગેટ, ૯૫૩૭૧૪૭૬૬૪, ૭૦૯૬૧૫૯૧૦૧ (૬૫૪૪)

સ્વપ્ન ટ્રાવેલ્સ
'દિવાળી પ્રવાસો' (૧) દક્ષિણ ભારત કેરેલા - તિરૂપતી - રામેશ્વર - કન્યાકુમારી - એલ્લેપી - થેકડી - ઉટી - બેંગ્લોર - ગોવા રેલ્વે + ૨ × ૨ -૨૫/૧૦ સુરતથી સુરત સ્લીપર બસ દ્વારા ૨૧/૧૦ (૨) નેપાળ - જગન્નાથપુરી - દાર્જીલીંગ - સિકકીમ - કલકત્તા - ગંગાસાગર, રેલ્વે + ૨×૨ બસ ૨૩/૧૦ સુરતથી સુરત સ્લીપર બસ દ્વારા ૨૧/૧૦ (૩) ગોવા - મહાબળેશ્વર - સ્લીપર બસ દ્વારા ૨૧/૧૦ (૪) સિમલા - મનાલી - વૈષ્ણોદેવી રેલ્વે ૨ × ૨ દ્વારા ૨૧/૧૦ દરેક પ્રવાસો ચા-નાસ્તા, બે સમય ભોજન મળો : દીપકભાઈ બોડીવાલા, ચોકસીવાડી સામે, યોગી કોમ્પલેક્ષ ન્યુ રાંદેર રોડ, સુરત ૨૭૮૦૮૦૦, ૯૮૨૫૧૪૪૧૪૩, ૯૪૨૮૯ ૯૩૦૦૦ (૬૫૩૩)

પ્રથમ ટ્રાવેલ્સ
ગોવા મહાબળેશ્વર દિ. ૮ કતારગામ વિજય 98253 44459 (૬૫૪૬)

સાક્ષી ટ્રાવેલ્સ
શિર્ડી, ગોવા મહાબળેશ્વર, ૭૫૦૦ દિ-૮ ૨૨-૧૦ હરિદ્વાર દિલ્હી મથૂરા, જયપુર ૭૮૦૦ દિ-૧૧ ૨૧-૧૦ ૨ × ૩ પુશબેક બસ ૯૮૨૫૯૧૪૯૬૪ (૬૫૨૨)

સાંઈયાત્રા સ્લીપર બસ
સીમલા, મનાલી, વૈષ્ણોદેવી દિવસ-૧૫ તા.૨૦/૧૦/૧૭ ૯૮૨૪૧૨૩૬૪૧ (૬૫૪૮)

હિમાલયા હોલીડે
ગોવા - મહાબળેશ્વર - ૨૨ ઓકટોમ્બર રહેવા - જમવા સાથે ૨ × ૨ બસ પેકેજ માટે મળો સીમલા - દાર્જીલીંગ નેપાલ - કેરલા - ઉટી - કોડાઈ Mo. 98251 42005, 99256 28999 (૬૫૫૭)

દિનેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
રેલવે - બસ-એર દ્વારા * નેપાળ - દાર્જીલીંગ - સિક્કીમ (By Air) દિ-૧૯ * કેરાલા સહિત કન્યાકુમારી, રામેશ્વરમ, કોડાઈ કેનાલ દિ-૧૪ (જુજ સીટ બાકી) * Srilanka Sp. Tour 7 Nights / 8 Days આરામદાયક હોટલો, આલ્હાદક ભોજન વધુ માટે મળો:- ગોપીશેરી, ભાગળ, સુરત. ટે.નં. ૯૮૭૯૬૭૭૦૨૮ (૬૫૫૮)

વ્યવસાયીક જ્યોતિષ

શ્રી અંબિકા જ્યોતિષ
૧૦૦% ગેરંટી (ગોલ્ડ મેડાલીસ્ટ) શિલ્પી ઈલમના મહાન જાણકાર (મુઢચોટ મોહિની, વશીકરણ લવ પ્રોબ્લેમ સ્પેશ્યાલીસ્ટ) છુટાછેડા સૌતન મુકિત દારૂ છોડાવો પ્રશ્નોનો તુરત નિકાલ ભુલકાભવન અડાજણ 0261 2783559, 9374939391 (૬૪૮૫)

હરિદર્શન જ્યોતિષ
(તાત્કાલિક રિઝલ્ટ) પ્રેમી પતિ શિર ઝુકાવે, પ્રેમિકા પત્ની દોડી આવે. તૂટેલા પ્રેમીનું મિલન, છૂટાછેડા, લવ સ્પેશીયાલીસ્ટ 7359144431 (૬૪૯૮)